નૂતન વર્ષનું દ્રઢ સંકલ્પ સાથે સ્વાગત

વિશાળ વૃક્ષની તાકાત જેમ તેનાં બીજમાં રહેલી શક્તિને આભારી છે, તે જ રીતે મનુષ્યના સમગ્ર જીવન અને ભાવિનો આધાર સંકલ્પશક્તિ પર રહેલો છે



પુષ્પ જેમ ખુશ્બૂનો નિરંતર પ્રસાર કર્યા વિના રહી શકતું નથી, તેમ માનવીનું મન પણ હરહંમેશ વિચારો કર્યા વિના રહી શકતું નથી. સદા વિચારો કરવા એ મનુષ્યના મનનો સ્વભાવ છે. કોઈ પણ વિચાર ચોક્કસ વાત કે નિશ્ચિત કાર્ય પ્રત્યે દ્રઢ બને છે, ત્યારે તેને દ્રઢ મનોબળ કે સંકલ્પ કહીએ છીએ. સુંદર, શ્રેષ્ઠ અને આત્મબળ સહિતના શુભ સંકલ્પો કરનાર મનુષ્ય સુગંધિત પુષ્પની જેમ આકર્ષક અને ગુણવાન બનતો જાય છે. શ્રેષ્ઠ અને શુભ સંકલ્પો માનવીને આત્મસંતુષ્ટ અને લોકપ્રિય બનાવવામાં ઉત્તમ ભાગ ભજવે છે. વિશાળ વૃક્ષની તાકાત જેમ તેનાં બીજમાં રહેલી શક્તિને આભારી છે, તે જ રીતે મનુષ્યના સમગ્ર જીવન અને ભાવિનો આધાર સંકલ્પશક્તિ પર રહેલો છે. શુદ્ધ, પવિત્ર અને દ્રઢ સંકલ્પ માનવને મહાનતાના શિખરે આરુઢ કરી આબાદ બનાવી શકે છે, તો અશુદ્ધ અને અભદ્ર સંકલ્પ જીવનની ખાઈમાં ધકેલી શકે છે.

પ્રબળ સંકલ્પશક્તિના કારણે જ સિદ્ધાર્થમાંથી બુદ્ધ, નરેન્દ્રમાંથી વિવેકાનંદ અને મોહનમાંથી મહાત્મા ગાંધી જેવી વિભૂતિ પ્રકટી શકે છે. સંકલ્પની અપરિમેય શક્તિ વડે જ એક ભયંકર લૂંટારો પતિતમાંથી પાવન, અર્થાત્ વાલિયામાંથી વાલ્મીકિ ઋષિ અને અંગુલિમાલમાંથી નગ્ન ભિક્ષુમાં રૂપાંતર પામી શકે છે. દાનવમાંથી દેવ બનવાની પ્રક્રિયાનો પ્રારંભ સંકલ્પશક્તિથી થાય છે. સંકલ્પશક્તિ એ તો સિદ્ધિનાં શિખર સુધી પહોંચવાનું પ્રથમ સોપાન છે. એક વાર દ્રઢ સંકલ્પ થયા પછી એવી પ્રબળ શક્તિ પ્રગટે છે, જે મનુષ્યને નિરંતર લક્ષ્ય તરફ ખેંચી રાખે છે. લક્ષ્યની જરા પણ વિસ્મૃતિ થવા દેતી નથી. અંતરમાં એક અનોખી લગન, એક તીવ્ર જ્વાળા પ્રગટાવે છે. જેને કારણે જીવનમાં સર્વ વ્યાપારો, સર્વ તૃષ્ણાઓ, સર્વ કામનાઓ અને મહેચ્છાઓ નિશ્ચિત લક્ષ્ય અને તેની પ્રાપ્તિ તરફ એકાગ્ર અને એકરૂપ બનીને વહી જાય છે. એક પ્રચંડ ઝંખનામાં જીવનના સઘળા આવિર્ભાવો એકરૂપ બની જાય છે. રોમેરોમ પ્રાપ્તિની અખૂટ ચાહનામાં આકુળવ્યાકુળ બની જાય છે. જીવનની સમસ્ત એષણાઓ એકરૂપ બની લક્ષ્ય તરફ જ ઘૂઘવતા પૂરની જેમ વહે છે. જાણે એક અલખ જ્વાળા પ્રગટી ઊઠી ન હોય! હા, લક્ષ્ય એટલું જ ઉન્નત, સમર્થ અને જીવંત રસ પ્રેરે એવું હોવું આવશ્યક છે.

જ્ઞાનામૃત
બ્રહ્માકુમાર અનિલ

પ્રભુમિલનની આશા અને પરમાત્માની પ્રાપ્તિનું લક્ષ્ય પ્રત્યેક આત્મામાં એક લગનની જ્વાળા પ્રગટાવી શકે છે. જેમાં સર્વ શુદ્ધ તૃષ્ણાઓ અને વ્યર્થ સંકલ્પો હોમાઈ શકે ત્યારે અદમ્ય પુરુષાર્થના ફળરૂપે રૂપાંતર કે પરિવર્તન પ્રગટ થાય છે. સંકલ્પશક્તિ અને સિદ્ધિ વચ્ચેનો સેતુ અદમ્ય પુરુષાર્થ છે. આ અદમ્ય પુરુષાર્થના ફળસ્વરૂપે પરિવર્તન કે રૂપાંતરની શક્તિ પ્રગટે છે. પ્રબળ સંકલ્પ પુરુષાર્થનું કારણ અને ભૂમિકા બંને બને છે. કમજોર સંકલ્પ ઓછો પુરુષાર્થ કરાવે છે. 'આરંભે શૂરા'ની જેમ સાધારણ સંકલ્પ સાધારણ પુરુષાર્થ કરાવીને સાધારણ ફળની પ્રાપ્તિ કરાવે છે. પરંતુ જ્યાં ત્યાગ દ્વારા સર્વ દુન્યવી વળગણો, આકર્ષણો, પ્રલોભનો અને ખેંચાણો ખરી પડે છે, ત્યારે પુરુષ, અર્થાત્ આત્મા, અર્થાત્ ધ્યેય તરફ ગતિ કરવા સમર્થ બને છે. સ્વામી વિવેકાનંદે ખૂબ જ સાચું કહ્યું છે કે, Great things are done only by great sacrifice...

"ઉત્તમ કાર્યો મહાન ત્યાગ વિના સંભવી ન શકે." અને ત્યાગ એટલે શું? ભૌતિક ત્યાગ, સાધનો, આકર્ષણો અને વ્યક્તિના સંબંધોના રસિક ખેંચાણોમાંથી મુક્તિ. અભાવ કે ઉપેક્ષા મનમાં કરવાની વાત નથી, કારણ કે તે પણ એક નવું બંધન સર્જે છે. વૈરાગ્ય અપનાવવાની જરૂર નથી, માત્ર રાગથી મુક્ત થવાની જરૂર છે.

ભારતમાતાની આઝાદીના મહાન લડવૈયા લોકમાન્ય ટિળકના "સ્વરાજ અમારો જન્મસિદ્ધ અધિકાર છે અને અમે કોઈ પણ ભોગે તે મેળવીને જ જંપીશું" એ દ્રઢ સંકલ્પથી ભારતવાસીઓમાં કેવું જોમ પુરાયું હતું! આ દ્રઢ સંકલ્પના સમર્થ આંદોલનોનાં 'વાઇબ્રેશન' કયા માધ્યમથી અનેક દેશપ્રેમી હૃદયોએ ઝીલ્યાં હશે? આ વિચારવા જેવી વાત છે. મહાત્મા ગાંધીએ વિદેશીઓ પ્રત્યે "હિંદ છોડો"ની ગર્જના કરી ત્યારે ચૈતન્યશક્તિનો અદ્ભુત પ્રવાહ એકેએક ભારતવાસીમાં કેવા વેગથી ફેલાઈ ગયો હતો! માત્ર એક ગાંધીબાપુના આત્માના દ્રઢ સંકલ્પે કરોડો માનવીઓનાં જીવનને હલાવી નિર્ભયતા અને વીરતાનું દાન આપ્યું. તેના થકી દેશદાઝની એવી તો જ્વાળા પ્રગટી કે અંગ્રેજોની ગોળીઓ કે કારાવાસની કોઈએ પરવા ન કરી. આઝાદીના લક્ષ્ય માટે જીવન દાવ પર મૂકી દીધું. જો જીવન કે રાષ્ટ્રની આઝાદીની પ્રાપ્તિ માટે આવાં શ્રેષ્ઠ બલિદાનોની આહુતિઓ શક્ય બનતી હોય, તો પરમલક્ષ્યની પ્રાપ્તિ માટે પણ 'ત્યાગ'ની ગાથાઓ ઉજ્જ્વળ રૂપે સંભવ બની શકે છે.

દ્રઢ સંકલ્પબળ અદમ્ય પુરુષાર્થથી અને પુરુષાર્થ અખૂટ ધીરજ તથા ત્યાગથી સભર હોય એ અત્યંત જરૂરી છે. સ્વામી દયાનંદ સરસ્વતી, મહર્ષિ અરવિંદ, રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદ જેવી તપસ્વી મૂર્તિઓનો પરમાર્થ ત્યાગની ભાવનાથી સભર હતો. ત્યાગ વિના તપસ્યા અર્થાત્ પુરુષાર્થ શોભે નહીં, ફળ ન આપે. સંકલ્પની શક્તિ કેટકેટલી અને કેવી કેવી પ્રાપ્તિ તથા સિદ્ધિની જનેતા છે! સંકલ્પથી જ સર્વશક્તિઓની પ્રાપ્તિ, નિયંત્રણ અને સુધારણા કરાવવાનું સામર્થ્ય; દૂરદર્શન, દૂરશ્રવણ અને સુખનો અનુભવ કરાવવાની વિધિની સિદ્ધિ; સંકલ્પ દ્વારા જ સૃષ્ટિના પરિવર્તન અને વિશ્વકલ્યાણની શક્તિની પ્રાપ્તિ; પ્રભુમય જીવનની મસ્તી અને પ્રાણપ્રિય પરમાત્માના હૃદયસિંહાસનનું અણમોલ ભાગ્ય–કેટકેટલી સિદ્ધિની સંભાવના સંકલ્પશક્તિમાં સમાયેલી છે! પ્રિય આત્માઓ, આપણા મનોબળને દ્રઢ અને મજબૂત બનાવવા પ્રેરણાસ્રોત સમા સમર્થ અને પાવરફુલ સંકલ્પોને નૂતન વર્ષના નવપ્રભાતે મન-બુદ્ધિના દ્વારે આવકારીશું, તો જ સૃષ્ટિ પરિવર્તનના કાર્યમાં પરમાત્મા આપણને મદદગાર અર્થાત્ મેસેન્જર, પયગંબર અને શાંતિદૂત બનાવશે. જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ બક્ષે એવી શુભેચ્છા સાથે.

તમસો મા જ્યોતિર્ગમય



શિક્ષણ આપણને ઊંચું પદ તો અપાવે પરંતુ કોઈ હારેલા માણસને બેઠો કરવાની પ્રેરણા ન આપે તો એ શિક્ષણના પ્રકાશમાં ક્યાંક ખામી રહી ગઈ છે

મનુષ્યના જીવનમાં પ્રકાશનું મહત્ત્વ માત્ર એટલા માટે નથી કે તે અંધકાર દૂર કરે છે પરંતુ એટલા માટે પણ છે કે તે આપણને જોવાની દૃષ્ટિ આપે છે. પ્રકાશમાં વસ્તુઓ દેખાય છે પરંતુ સાચો પ્રકાશ તો એ છે, જેમાં આપણને આપણી અંદર છુપાયેલી ભાવનાઓ પણ દેખાવા લાગે. પ્રશ્ન એ છે કે આપણી ભાવનાઓ અને સંવેદનાઓ શુભ છે? આ દીપાવલી આત્મખોજનું આવું જ પર્વ છે.

ઉપનિષદની પ્રાર્થના પણ આ જ છેઃ 'તમસો મા જ્યોતિર્ગમય', અર્થાત્ 'હે પ્રભુ! મને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાઓ.' આ માત્ર આધ્યાત્મિક પ્રાર્થના નથી પરંતુ સમગ્ર માનવજીવનની દિશા છે. અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ, અસત્યમાંથી સત્ય તરફ, સ્વાર્થમાંથી પરમાર્થ તરફ અને અહંકારમાંથી વિનમ્રતા તરફ આગળ વધવાની આ એક પવિત્ર હાકલ છે. દીપાવલી આપણને યાદ અપાવે છે કે જીવનની સાર્થકતા માત્ર બાહ્ય દીવા પ્રગટાવવામાં નથી પરંતુ જીવનનો આંતરિક અંધકાર દૂર કરવામાં છે.

આજના સમયનો અંધકાર પહેલાં કરતાં કંઈક જુદો છે. પહેલાં અંધકારનો અર્થ મુખ્યત્વે નિરક્ષરતા, અભાવ અને સાધનોની અછત એવો થતો. આજે શિક્ષણનો વ્યાપ વધ્યો છે, વિશ્વવિદ્યાલયો વધ્યાં છે અને જ્ઞાનનાં સાધનો આંગળીનાં ટેરવે ઉપલબ્ધ છે. છતાં પ્રશ્ન થાય છેઃ શું શિક્ષિત થવાની સાથે આપણે સંવેદનશીલ પણ બન્યા છીએ? આપણી પાસે ડિગ્રીઓ છે પણ શું વિવેક પણ છે? આપણે શબ્દોના અર્થ સમજીએ છીએ પરંતુ કોઈના મૌનને સમજી શકીએ છીએ? શિક્ષણ આપણને ઊંચું પદ તો અપાવે પરંતુ કોઈ હારેલા માણસને બેઠો કરવાની પ્રેરણા ન આપે તો એ શિક્ષણના પ્રકાશમાં ક્યાંક ખામી રહી ગઈ છે.

જીવનની વચ્ચોવચ્ચ
શ્રીમદ્ ભગવદ્ ગીતા
સાધુ જ્ઞાનાનંદદાસ

આજે ધનની અછત કરતાં સંવેદનાની અછત વધુ ચિંતાજનક છે. આપણાં ઘરો મોટાં થઈ રહ્યાં છે પરંતુ હૃદયોમાં સ્થાન ઘટી રહ્યું છે. સંચારનાં સાધનો વધ્યાં છે પણ સંવાદ ઘટ્યો છે. આપણે દૂર બેઠેલા લોકો સાથે ક્ષણવારમાં જોડાઈ જઈએ છીએ પરંતુ ક્યારેક પોતાના જ ઘરમાં બેઠેલી વ્યક્તિના દુઃખથી અજાણ રહીએ છીએ. કોઈના જન્મદિવસે સેંકડો શુભેચ્છાઓ મોકલવી સહેલી છે પરંતુ તેના મુશ્કેલ સમયમાં બે ઘડી બેસીને તેની વાત સાંભળવી અઘરી કેમ બની ગઈ છે?

આપણે આવિષ્કારોનાં અનેક શિખરો સર કર્યાં છે. આકાશમાં ઊડતાં શીખ્યા છીએ, સમુદ્રની ઊંડાઈ માપી છે અને અંતરિક્ષ સુધી પહોંચ્યા છીએ. છતાં આ પ્રગતિની વચ્ચે એક પ્રશ્ન ઊભો છેઃ આપણે માનવ તો બન્યા પરંતુ આપણી અંદર માનવતા પણ એટલી જ વિકસી છે?

આથી દીપાવલી નિમિત્તે માત્ર ઘરોમાં જ નહીં, આપણા વ્યવહારમાં પણ દીવા પ્રગટાવીએ. પ્રેમનો દીવો પ્રગટાવીએ, જેથી આપણા શબ્દો કોઈના હૃદયને ઘાયલ કરવાને બદલે તેને સાંત્વના આપે. સેવાનો દીવો પ્રગટાવીએ, જેથી કોઈની જરૂરિયાત જોઈને 'મને શું મળશે?' એવો પ્રશ્ન કરવાને બદલે 'હું તેના માટે શું કરી શકું?' એવો વિચાર જાગે. સમજણનો દીવો પ્રગટાવીએ, જેથી બીજાના વર્તન વિશે નિર્ણય કરતાં પહેલાં તેની પરિસ્થિતિ સમજવાનો પ્રયત્ન કરીએ.

એક નાનકડો દીવો પોતાની આસપાસનો અંધકાર દૂર કરે છે. એ જ રીતે, આપણો એક સદ્ભાવપૂર્ણ શબ્દ નિરાશ વ્યક્તિમાં આશા જગાવી શકે છે, આપણું એક ક્ષમાશીલ વર્તન તૂટતા સંબંધને બચાવી શકે છે અને આપણી એક નિઃસ્વાર્થ મદદ કોઈ પરિવારના જીવનમાં નવી સવાર લાવી શકે છે. દુનિયાને પ્રકાશિત કરવા દરેકે સૂર્ય બનવાની જરૂર નથી; પોતાનો નાનો દીવો પણ, નિષ્ઠાથી પ્રગટાવવાની જરૂર છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આપણને પ્રકાશપર્વનો એક ઊંડો આધ્યાત્મિક અર્થ સમજાવે છે. તેઓ ભગવાન અને સત્સંગના આશ્રયે જીવનને નિર્મળ બનાવવાની પ્રેરણા આપે છે. ભગવાન પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા અને સમર્પણ વધે તથા સત્સંગ દ્વારા વિચારો અને આચરણને સાચી દિશા મળે ત્યારે ક્રોધ, લોભ, મત્સર, હિંસા અને ઈર્ષ્યા જેવા આંતરિક અંધકાર ધીમે ધીમે દૂર થવા લાગે છે. ભગવાનનો પ્રકાશ માત્ર પૂજાના સમયે અનુભવવાની વસ્તુ નથી; તે આપણા વ્યવહાર, વાણી, નિર્ણયો અને સંબંધોમાં પણ પ્રગટવો જોઈએ. જો મંદિરમાં આપણું મસ્તક નમતું હોય તો જીવનમાં આપણો અહંકાર પણ નમવો જોઈએ. જો ભગવાન સમક્ષ દીવો પ્રગટાવતા હોઈએ તો બીજાઓ પ્રત્યેના દ્વેષનો અંધકાર પણ ઓગળવો જોઈએ.

તો આવો, આ દીપાવલીએ માત્ર દીવાઓની સંખ્યા નહીં, આપણા અંતરના પ્રકાશમાં પણ વધારો કરીએ કારણ કે દીપાવલીની સાચી સાર્થકતા રાત્રિને પ્રકાશિત કરવામાં નહીં પરંતુ જીવનને પ્રકાશિત કરવામાં છે.

આજે આપણા અંતરમાં 'તમસો મા જ્યોતિર્ગમય'ની પ્રાર્થના ગુંજવી જોઈએઃ 'હે પ્રભુ!

આ દીપાવલીએ એવી કૃપા કરજો કે જીવનમાં સદ્ભાવનો સૂર્ય પ્રકાશે અને દુર્ભાવનો અંધકાર નષ્ટ થાય.'

